## (13) રાજય સરકારના કર્મચારીઓ માટે તબીબી સારવારના નિયમો

ગુજરાત સરકાર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : એમએજી-1093-3063-ગ, સચિવાલય,
ગાંધીનગર તા. 8-6-1994

વંચાણે લીધા :- (1) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એએમજી-1088-2616, 5 તા. 30-12-88

(2) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એએજી-1088-3203 તા 23-8-90

ઠરાવ :- આમુખમાં ક્રમાંક : 1 આગળ દર્શાવેલ તા. 30-12-88 ના ઠરાવ નિયમ -8 (ગ) અન્વયે અપવાદરૂપ કેસ અંગે અધિકૃત ચિકિત્સકના મતે જરૂરી અને યોગ્ય સારવાર રાજય બહારની (પરંતુ ભારતની અંદરની) હોસ્પિટલમાં જ મળે તેવી છે તો તે આરોગ્ય અને તબીબી સેવાઓ (તબીબી) ના કમિશ્નરશ્રીની મંજૂરી મેળવી) જે અગાઉથી મેળવવામાં આવશે. સિવાય કે વિલંબ દર્દીના આરોગ્યને ભયરૂપ બનતું હોય) સારવાર માટે દર્દીને આવી હોસ્પિટલમાં મોકલી આપશે. આવી ખાસ પ્રકારની સારવાર માટે આમુખ ક્રમાંક (2) આગળ દર્શાવેલ તા. 23-8-90 ના ઠરાવથી રાજય બહારની હોસ્પિટલોને જે તે સારવાર માટે માન્યતા આપવાનું ઠરાવેલ છે. તેમાં અંશતઃ ઉમેરો કરીને કોમ્પલીકેટેડ, હાર્ટ, સર્જનરીના કેસો માટે જશલોક હોસ્પિટલ, મુંબઈને માન્યતા આપવાનું આથી સરકારશ્રી ઠરાવે છે. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. 10-2-94 ની નોંધથી સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પરવિણ ગઢાણી, ઉપસચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

• • • •